બ્રેમનની શેરીના ગવૈયા

The Buskers of Bremen

by Henriette Barkow Illustrated by Nathan Reed

Gujarati & English

[illegible]મનની [illegible]રાન [illegible]

The Buskers of Bremen

Adapted by Henriette Barkow
Illustrated by Nathan Reed

Gujarati translation by Bhadra Patel

WALTHAM FOREST PUBLIC LIBRARIES
024 764 391
SB 25/02/02
£6.99
TJ

WALTHAM FOREST LIBRARIES
024 764 391
DGU

એક વખત એક ગધેડો હતો. એને ગાવાનો બહુ જ શોખ હતો. એ બહુ જ બુઢ્ઢો થઈ ગયો હતો, તો પણ કામ કરતાં કરતાં એ હંમેશ ગાયા કરતો. પણ એ એટલું બેસૂરું ગાતો કે એનો માલિક તેના ગાવાથી તંગ આવી ગયો હતો.

Once there was a donkey who loved singing. Even though he was an old, old donkey he always sang while he worked. But the donkey's singing wasn't very sweet and it drove his owner mad.

એક દિવસ એણે પોતાના માલિકને કહેતાં સાંભળ્યું, “આ નકામા બુઢ્ઢા ગધેડાથી હવે હું કંટાળી ગયો છું.
હવે તેનો અંત આવી ચૂક્યો છે!”
પણ ગધેડાને મરવું નહોતું, એટલે એ ત્યાંથી ભાગી છૂટ્યો.
“હું શેરીનો ગવૈયો બની જાઉં તો,” બ્રેમનને રસ્તે ડગુમગુ ચાલતાં એણે વિચાર્યું.

One day he overheard him say, “I've had enough of that useless old donkey. He's for the chop!”
But the donkey didn't want to die, so he ran away.
“I could be a busker,” he thought as he trotted along
the road to Bremen.

ગધેડો બહુ ચાલ્યો નહીં હોય ત્યાં તો એણે રસ્તાની એક બાજુએ સૂતેલો એક બુઢ્ઢો કૂતરો જોયો.
“તને શું થયું છે?” એણે કૂતરાને પૂછ્યું.

The donkey hadn’t gone far when he saw an old dog lying by the side of the road.
“What’s wrong?” he asked him.

“હું બહુ બુઢ્ઢો થઈ ગયો છું એટલે ખેડૂત મારો અંત લાવવા માગે છે. એટલે હું ત્યાંથી ભાગી છૂટ્યો છું, પણ હવે હું જાઉં ક્યાં?” કૂતરો ભસ્યો.

“ચાલ, મારી ગવૈયાની મંડળીમાં જોડાઈ જા,” ગધેડાએ કંઈક નવું સૂઝાડ્યું.

અને આ રીતે ગધેડાની સાથેસાથે કૂતરો પણ બ્રેમનના રસ્તે ચાલી નીકળ્યો.

“The farmer wants to have me put down because I'm too old. So I ran away but I have nowhere to go,” barked the dog.

“Come and join my band of buskers,” suggested the donkey.

And that was how the dog came to join the donkey on the road to Bremen.

ગધેડો અને કૂતરો બહુ ચાલ્યા નહીં હોય ત્યાં તો તેમને એક બુઢ્ઢો બિલાડો મળ્યો.
“તને શું થયું છે?” તેમણે બિલાડાને પૂછ્યું.
“હું બુઢ્ઢો થઈ ગયો છું અને ઉંદર પકડી શકતો નથી એટલે દુકાનદાર મને પાણીમાં ડૂબાડી દેવા માગે છે. એટલે હું ત્યાંથી ભાગી છૂટ્યો છું, પણ હવે હું જાઉં કયાં?” બિલાડાએ મિયાંઉ કર્યું.
“ચાલ, અમારી ગવૈયાની મંડળીમાં જોડાઈ જા,” ગધેડાએ કંઈક નવું સૂઝાડ્યું.
અને આ રીતે કૂતરા અને ગધેડાની સાથેસાથે બિલાડો પણ બ્રેમનના રસ્તે ચાલી નીકળ્યો.

The donkey and the dog hadn't gone far when they met an old cat.
"What's wrong?" they asked him.
"The shopkeeper wants to drown me because I'm too old to catch mice. So I ran away but I have nowhere to go," meowed the cat.
"Come and join our band of buskers," suggested the donkey.
And that was how the cat came to join the dog and the donkey on the road to Bremen.

ત્રણ જનાવર બહુ ચાલ્યાં નહીં હોય ત્યાં તો તેમને એક કૂકડો મળ્યો.
“તને શું થયું છે?” તેમણે કૂકડાને પૂછ્યું.
“ખેડૂતની બૈરી મારું સૂપ બનાવવા માગે છે. એટલે હું ત્યાંથી ભાગી છૂટ્યો છું, પણ હવે હું જાઉં ક્યાં?”
કૂકડાએ કૂકડેકૂક કર્યું.

The three animals hadn't gone far when they met a cockerel.
"What's wrong?" they asked him.
"The farmer's wife wants to make me into soup. So I ran away but I have nowhere to go," crowed the cockerel.

“ચાલ, અમારી ગવૈયાની મંડળીમાં જોડાઈ જા,”
ગધેડાએ કંઈક નવું સૂઝાડ્યું.
અને આ રીતે બિલાડા, કૂતરા અને ગધેડાની સાથેસાથે કૂકડો પણ
બ્રેમનના રસ્તે ચાલી નીકળ્યો.

“Come and join our band of buskers,”
suggested the donkey.
And that was how the cockerel came to join
the cat, the dog and the donkey on the road
to Bremen.



રાત પડી ત્યારે ચારેય જનાવર થાકી ગયાં હતાં એટલે તેમણે એક વનના છેડે સૂઈ જવાનું નક્કી કર્યું.

When night fell the four tired animals decided to sleep at the edge of a wood.

કૂકડો ઊડીને એક ઝાડ પર ચડી
ગયો અને કૂકડેકૂક કર્યું કે તેને
દૂરદૂર એક ઘર દેખાતું હતું.
“ચાલો, આપણે જઈને જોઈએ
ખરાં,” તેણે કહ્યું. “ખુલ્લામાં
કરતાં ઘરમાં સૂવું સારું.”

The cockerel flew into a tree and crowed that he could see a house in the distance. “Let’s go and take a look,” he said. “It’ll be better than sleeping in the open.”

When they reached the house the cat had an idea.
"We could sing for our supper," he suggested.

The dog counted to three and they all started to sing. It was horrible!

જ્યારે તેઓ પેલા ઘર પાસે પહોંચ્યા ત્યારે બિલાડાને એક વિચાર સૂઝ્યો. "આપણે રાતના વાળુ માટે કંઈક ગાઈએ," એણે કહ્યું.

કૂતરાએ એક, બે, ત્રણ સુધી ગણ્યું અને બધાએ ગાવાનું શરુ કર્યું. અરરર! કેટલું બેસૂરું સંગીત!

અચાનક બુઢ્ઢા ગધેડાના થાકેલા પગ ડગમગવા લાગ્યા. કૂતરો, બિલાડો અને કૂકડો ત્રણેય સમતુલા ખોઈ બેઠા અને એક જબરજસ્ત ધમાકા સાથે બારીમાંથી પડ્યા ઘરમાં!

Suddenly the donkey's tired old legs started to wobble. The dog, the cat and the cockerel all lost their balance and with a mighty crash they fell through the window.

ઘરની અંદર ત્રણ લૂંટારા હતા એ આ ધમાકાથી ગભરાઈ ગયા. એમને થયું કે એક મોટો રાક્ષસ તેમના પર તૂટી પડ્યો હતો એટલે એ લોકો પોતાનો જીવ બચાવવા ત્યાંથી ભાગી છૂટ્યા.

Inside the house three robbers were terrified by the noise. They thought that they were being attacked by an enormous monster and fled for their lives.

ચારેય જનાવરોએ માંડમાંડ ઊભાં થઈ એ ક્યાં આવી ચડ્યાં છે એ જોવા આંખો માંડી. તેમને માનવામાં ન આવ્યું કે એ જે જોતાં હતાં એ સાચું હતું. એમની સામે આખી જીંદગી ચાલે તેટલું ખાણુંપીણું પડ્યું હતું. એમણે ઠસીઠસીને ધરાઈને ખાધું. હવે તેમને રાતે સૂવા માટે એક સરસ મજાના ગાદલાની જ જરૂર હતી...

When the four animals had picked themselves up and saw where they were, they couldn't believe their eyes. There, in front of them, was enough food and drink to last a lifetime. They ate until they could eat no more.
Now all they needed was a comfortable bed for the night...

...જે તેમને તરત મળી ગયું, અને ત્રણેય દિવસભરના થાક પછી જરાવારમાં જ ઊંઘી ગયાં.

...which they soon found, and quickly fell asleep after their exhausting day.

જ્યારે બધી બત્તી ઠરી ગઈ ત્યારે સૌથી વધારે બહાદૂર લૂંટારો ઘરમાં કોણ છે તે જોવા ચોર પગલે દાખલ થયો. એ તેનાથી બને તેટલા ચંપાતે પગલે ચાલતો હતો, પણ તોય તેનાથી અવાજ થઈ ગયો.

After all the lights had gone out the bravest robber sneaked back to see who was in his house. He tiptoed as quietly as he could but he wasn't quiet enough.

બધાં જનાવરોએ તેને ઘરમાં દાખલ થતાં સાંભળ્યો હતો.

All the animals heard him enter the house.

કૂતરાએ કૂદીને તેને બચકું ભર્યું.

The dog leapt up and bit him.

બિલાડાએ તેને નખ ભરાવ્યા.

The cat scratched him.

“કૂકડેકૂક! કૂકડેકૂક!”
કરી કૂકડાએ દેકારો કરી મૂક્યો.

The cockerel crowed:
“Cock-a-doodle do! Cock-a-doodle do!”

અને ગધેડાએ તેને એક જોરદાર લાત મારી
હવામાં ઉછાળ્યો...

while the donkey gave him a mighty kick
and he went flying through the air...

અને એ ધબ કરતો પડ્યો જમીન પર!

"તને આ બધું શું થયું?" લૂંટારાએ તેને પૂછ્યું.
અને જરા વિચાર કરો તો કે તેણે શું જવાબ આપ્યો હશે!

...and landed with a Thud!

"Whatever happened to you?" the robbers asked.
And just imagine what he said.

“અરે, ત્યાં તો એક ભયાનક ડાકણ હતી જેણે મને વીંખી નાખ્યો.
એક ઊંચા પહોળા માણસે મને છરો માર્યો, અને પોલીસે મને દંડો માર્યો.
પછી એક ન્યાયાધીશે રાડ પાડી: ‘તને તો જેલ ભેગો જ કરવાનો છે! તને તો જેલ ભેગો જ કરવાનો છે!’”

“There was a vicious witch who scratched me. A huge man stabbed me with a knife, and a policeman hit me with a club. Then a judge shouted: ‘Jail’s the place for you! Jail’s the place for you!’”

ત્યારપછી લૂંટારાએ જનાવરોને ફરી કદીયે તંગ નથી કર્યાં. આપણા ચાર નાયકો ક્યારેય ન તો બ્રેમન પહોંચ્યા કે ન તો શેરીના ગવૈયા બન્યા. પણ જો તમે કોઈ શાંત રાતે બહાર ફરવા નીકળ્યાં હો તો કદાચ તેમનું ગાવાનું સાંભળો પણ ખરાં.

Well, after that the robbers never troubled the animals again.
Our four heroes never reached Bremen and they never became buskers.
But if you're out walking on a still night you might just hear them singing.

Text copyright © 2001 Mantra Illustrations copyright © 2001 Nathan Reed
All rights reserved

Mantra
5 Alexandra Grove, London N12 8NU
http://www.mantrapublishing.com

The Buskers of Bremen is part of the World Tales Series of well loved folktales. Other stories include: Buri and the Marrow (South Asian), Dragon's Tears (Chinese), Kokroko, the Giant (African), The Giant Turnip (European) ...

The Buskers of Bremen is available in 23 dual language editions: English with Albanian, Arabic, Bengali, Chinese, Czech, Farsi, French, German, Gujarati, Italian, Malay, Panjabi, Polish, Portuguese, Russian, Serbo-Croatian, Somali, Spanish, Swedish, Tamil, Turkish, Urdu or Vietnamese.

arati & English
n 1 85269 771 7

mantra

KO-204-914